

# પાંઢરપાડા

## સ્મશાનની સમસ્યા હજુ પણ યથાવત

પાંઢરપાડા ગામની વર્ષો જૂની સમસ્યામાં સ્મશાનની સમસ્યા હજુ પણ યથાવત જોવા મળે છે. આ ગામમાં હજુ સુધી સ્મશાન ઘરનું નિર્માણ કરવામાં ન આવતાં ચોમાસાની ઋતુમાં અગ્નિદાહ માટે લોકોને ભારે અગવડતા પડે છે.





## રસ્તાની સુવિધા

સુબિરથી શેપુઆંબા અને પીપલદહાડ-શિવબારા પાંઢરપાડાને જોડતો આંતરિક માર્ગ ડાંગ જિલ્લા પંચાયત માર્ગ મકાન પેટા વિભાગના કાર્યપાલક ઈજનેર પી.આર.ચૌધરી અને નાયબ કાર્યપાલક ઈજનેર એમ.ડી.પટેલ અને મદદનીશ ઇજનેર સાગર ગંવાદેના માર્ગદર્શન હેઠળ થોડા સમય પહેલા જ નવીનીકરણ કરવામાં આવ્યો છે. જે આંતરિક માર્ગની હાલત હાલમાં ખૂબ જ સારી જોવા મળી છે. આ સિંગલ માર્ગ પરથી વાહનો સલામત રીતે પસાર થાય છે. આ માર્ગ શેપુઆંબા, શિવબારા, પંપા સરોવર, શબરીધામ સહિત મહારાષ્ટ્રનાં ગામડાંને જોડતો હોવાથી આ માર્ગને સુવિધા પથમાં સમાવી પહોળો કરવામાં આવે તેવી ગ્રામજનોમાં માંગ ઊઠી છે. ગામમાં ગ્રામ પંચાયત દ્વારા અમુક ફળિયામાં પેવર બ્લોક અને સીસીના માર્ગો બનાવવામાં આવ્યા છે. જે પેવર બ્લોક માર્ગોની હાલત અમુક જગ્યાએ સારી છે. જ્યારે અમુક જગ્યાએ હજુ પણ પેવર બ્લોક અને સીસી માર્ગોની તાતી જરૂરિયાત લાગી રહી છે. આ ગામનો મોટા ભાગનો વિસ્તાર સમથળ હોય અને થોડક ભાગ અશત ટેકરાળ હોવાથી ચોમાસામાં પાણી ભરાઈ રહેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આ ગામમાંથી ચોમાસાનું પાણી નજીકની ધોધડ નદીમાં આરામથી ઊતરી જાય છે.



## 80 ટકા કુટુંબ સુગર ફેક્ટરીમાં સ્થળાંતર કરે છે, બાળકો કઈ રીતે ભણે?

પાંઢરપાડા ગામમાં 1 આંગણવાડી પણ કાર્યરત છે, જેમાં ભૂલકાં પાયાનું શિક્ષણ મેળવી રહ્યાં છે. આ આંગણવાડીનું મકાન પણ સારી હાલતમાં છે. અહીં ગામના જ આંગણવાડી વર્કર અને હેલ્પર નિયમિત ફરજ બજાવી રહ્યાં છે. જેથી ભણવા આવતાં ભૂલકાં સારું એવું શિક્ષણ મેળવી રહ્યા છે. પાંઢરપાડા ગામમાં જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ હસ્તકની બાલવાટિકાથી ધો.1થી 5 સુધીની પ્રાથમિક શાળા આવેલી છે. આ શાળામાં કુલ 79 વિદ્યાર્થી સરકારના મફત શિક્ષણનો લાભ મેળવી રહ્યા છે. અહીં 44 કુમાર અને 35 કન્યા નોંધાયેલાં છે. આ શાળાના આચાર્યા તરીકે રોશનીબેન એસ.પટેલ કામગીરી કરી રહ્યાં છે. જ્યારે મદદનીશ શિક્ષકોમાં વૈશાલીબેન આઈ.રાઠોડ, નિમિષાબેન આઈ.પટેલ નિયમિત ફરજ બજાવી રહ્યાં છે. આ શાળાના શિક્ષકો નિયમિત રીતે શાળામાં આવી આદિવાસી ભૂલકાંને શિક્ષણ કાર્ય કરાવી રહ્યાં છે. આ શાળાનાં આચાર્યા રોશનીબેન પટેલ ઉત્સાહી હોવાથી શાળા રાબેતા મુજબ ચાલી રહી છે. આ શાળાના 3 શિક્ષકો નિયમિત શિક્ષણ કાર્ય કરાવે છે. પ્રાથમિક શાળા પાંઢરપાડાનાં બાળકો ગણિત વિજ્ઞાન પ્રદર્શનમાં તાલુકા કક્ષાએ તથા અમુક બાળકો શિષ્યવૃત્તિની પરીક્ષામાં પણ પાસ થયા છે. પરંતુ ગામના કમનસીબીની વાત કરીએ તો આ ગામમાંથી 80 ટકા કુટુંબ સુગર ફેક્ટરીઓમાં સ્થળાંતરણ કરતા હોવાથી મા-બાપ બાળકોના શિક્ષણ તરફ સજાગ જોવા મળતાં નથી. સાથે આ ગામમાં સિઝનલ હોસ્ટેલની પણ તાતી જરૂરિયાત છે.







## સસ્તા અનાજની દુકાન 3 કિ.મી. દૂર

પાંઢરપાડા ગામની પ્રાથમિક સુવિધાની વાત કરીએ તો અહીં એક આંગણવાડી કેન્દ્ર છે. જ્યારે બાલવાટિકાથી ધો.5 સુધીની સરકારી પ્રાથમિક શાળાની સગવડ જોવા મળી રહે છે. આ ગામમાં એસટી બસની સુવિધા મળતી નથી. જેથી લોકોએ એસટી બસમાં બેસવું હોય તો દોઢ કિલોમીટર દૂર જવું પડે છે. આ ગામના લોકોને મોટા ભાગે ખાનગી વાહનોમાં આવનજાવન કરવું પડે છે. આ ગામને નાની મોટી બીમારીના સમયમાં શેપુઆંબા, પીપલદહાડ, સુબિર, આહવા અથવા તો વાંસદા અથવા વલસાડ સિવિલ હોસ્પિટલ સુધી દોડવું પડે છે. વધુમાં નજીકમાં શેપુઆંબા ખાતે આયુષ્યમાન ભારતનું દવાખાનું છે. જ્યાં સામાન્ય બીમારીની દવા ગોળી મળી રહે છે. તથા સુબિર ખાતે સી.એચ.સી. અને પીપલદહાડ ખાતે પી.એચ.સી. હોસ્પિટલ આવેલ છે. વધુમાં ગામના લોકોને નાની-મોટી બીમારીઓમાં 4થી 8 કિલોમીટરનું અંતર કાપી દવાખાને જવું પડે છે. આ ગામમાં લોકો માટે દવાખાનું, પશુ દવાખાનું તેમજ પોસ્ટ ઓફિસ, સસ્તા અનાજના દુકાનની સુવિધાઓ નથી. કારણ કે, શેપુઆંબામાં ગ્રુપ ગ્રામ પંચાયતની કચેરીનું મકાન પણ છે. જેથી પાંઢરપાડા ગામના લોકોને દાખલા સહિત અન્ય યોજનાકીય કામગીરી માટે દોઢ કિલોમીટર દૂર શેપુઆંબા ગામ સુધી જવું પડે છે. પાંઢરપાડા ગામમાં સસ્તા અનાજની દુકાન પણ ઉપલબ્ધ નથી. જેથી સરકારી રાશન લેવા માટે લોકોને 3 કિલોમીટર દૂર લહાનઝાડદર ગામ જવું પડે છે.

## વીજળીની સેવામાં પણ ધાંધિયા

**આ ગામમાં દક્ષિણ ગુજરાત વિ.પ્રા.લિ સુબિર દ્વારા વીજળીનો પુરવઠો આપવામાં આવે છે, જેમાં ગ્રામજનોના જણાવ્યા અનુસાર સુબિર વીજ વિભાગ સમયસર કામગીરી કરતો નથો. જેથી ચોમાસાની ઋતુમાં ગામમાં ગમે ત્યારે વીજળી ગુલ થઈ જાય છે. વીજળીના અભાવે ગામમાં ગમે ત્યારે અંધારપટ છવાઈ જાય છે. જેથી વીજવિભાગ આ ગામ તરફ ધ્યાન આપે તેવી માંગ ઊઠી છે.**

## તહેવારોની ઉજવણી થાય છે રંગેચંગે

પાંઢરપાડા ગામના યુવાનો અને વડીલો વચ્ચે સુમેળભર્યા સબંધો જોવા મળે છે. આ ગામના યુવાનો અને વડીલો વચ્ચેના સુમેળભર્યા સંબંધો, વડીલોને માન આપવાની પ્રથા, માતા-પિતા અને ગુરુજનો તથા માતા-બહેનોનું સન્માન અને આદર ભાવના ધરાવતું ગામ હોવાથી અહીં સંપ ત્યાં જંપનું ઉદાહરણ જોવા મળે છે. ગ્રામજનો નવરાત્રિ, ગણેશ ઉત્સવ, જમાષ્ટમી, હોળી, ડુંગરદેવ, તેરા, નાગપંચમી, રક્ષાબંધન, મકરસંક્રાંતિ, દિવાળી, નાતાલ જેવા તહેવારોની સાથે મળી ધામધૂમપૂર્વક ઉજવણી કરે છે.

## ગામની અંદર એકપણ બસ સ્ટેન્ડ નથી

પાંઢરપાડા ગામના ત્રણ રસ્તા ફાટક પાસે બસ સ્ટેન્ડની સુવિધા નથી. જ્યારે ગામની અંદર એકપણ બસ સ્ટેન્ડ નથી. પાંઢરપાડા ગામથી સુબિર 8 કિલોમીટરના અંતરે આવેલું છે. જ્યારે નજીકમાં પીપલદહાડ 4 કિલોમીટરના અંતરે આવેલું છે. તેમજ મહારાષ્ટ્રની સરહદ 20 કિલોમીટરના અંતરે આવે છે. આ ગામથી મહારાષ્ટ્રના પીંપલનેર જવાય છે. આ ગામમાં એસટી સ્ટેન્ડ ન હોવાના પગલે ગામના લોકોને શિયાળા, ઉનાળા અને ચોમાસાની ઋતુમાં ઘણી નોબતો વેઠવાનો વારો આવે છે. સાથે એસટી સ્ટેન્ડ ન હોવાના પગલે અપ-ડાઉન કરતા વિદ્યાર્થીઓને માર્ગની સાઈડમાં વરસતા વરસાદ કે પછી ઉનાળામાં તડકામાં ઊભા રહેવાની નોબત આવે છે. જેથી સાંસદ અથવા ધારાસભ્ય ફંડમાંથી ગ્રાન્ટ ફાળવી ગામમાં નવા પિકઅપ સ્ટેન્ડનું નવીનકરણ કરવામાં આવે તેવી લોકમાંગ ઊઠી છે. તથા આ ગામમાં એસટી બસની સુવિધા નથી. જેના પગલે પરિવહન માટે લોકોએ દોઢ કિલોમીટર દૂર ચાલીને જવું પડે છે. જેથી તંત્ર એસટી બસ સહિત અહીં એસટી સ્ટેન્ડની સુવિધા પૂરી પાડી ગામના વિકાસમાં ભાગીદાર બને તેવી માંગ ઊઠી છે.

## શાસન સંભાળનાર નેતાજીના ગામનો જ વિકાસ ખોવાઈ ગય



અહીં સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત શાળાનાં બાળકો, આગેવાનો અને ગ્રામજનો દ્વારા ગામની વાર-તહેવારે સાફસફાઈ કરવામાં આવે છે. વધુમાં ગ્રુપ ગ્રામ પંચાયત શેપુઆંબા દ્વારા પાંઢરપાડા ગામમાં ચાલુ વર્ષમાં ગામમાં અનેક લાભાર્થીઓને પીએમવાય, પીએમ જનમન આવાસ યોજનામાંથી આવાસોની ફાળવણી કરી હોવાનું જણાવ્યું છે. આ ગામમાં હજુ પણ મકાનો કાચાં જ જોવા મળે છે. અહીં ગ્રામ પંચાયતે આવાસોની ફાળવણી કરી છે કે કેમ તે અંગે પણ અનેક પ્રશ્નાર્થ સર્જાયા છે. આ ગામ તરફ નજર નાંખો તો માત્ર ઝૂંપડપટ્ટી જેવાં ઘર જોવા મળે છે. જેથી 21મી સદીમાં પણ આ ગામ જાણે 18મી સદીની યાદોને જીવંત કરી રહી છે. આ ગામમાં છેલ્લાં 35 વર્ષથી એક જ પરિવાર શાસનની ધૂરા સંભાળી રહ્યો છે. પરંતુ શાસન સંભાળનાર નેતાજીના ગામનો જ વિકાસ ખોવાઈ ગયો હોય તેમ લાગી રહ્યું છે.

## બે મહિલા અને 1 પુરુષ સરકારી નોકરી કરે છે

પાંઢરપાડા ગામની બે મહિલા અને 1 પુરુષ સરકારી નોકરી કરી ગામનું નામ રોશન કરી રહ્યાં છે. પાંઢરપાડા ગામના મનીષાબેન બાબુભાઈ બાગુલ-શિક્ષિકા-શિવબારા-સુબિર, સુરેશભાઈ મંગુભાઈ કનવારે-ક્લાર્ક, રીનાબેન વિનેશભાઈ બાગુલ-આશા વર્કર તરીકે નોકરી કરી રહ્યાં છે. પાંઢરપાડા ગામના ત્રણ કર્મચારીનું ગામના વિકાસમાં યોગદાન જોવા મળ્યું છે.

## પીવાના પાણી અને ખેતીની સુવિધા, ઉનાળાનો આખર અકળાવનારો

પાંઢરપાડા ગામમાં પાણીની સુવિધા વિશે ચર્ચા કરીએ તો આ ગામને અડીને ધોધડ નદી આવેલી છે, જેમાં ગામ નજીકના પટ્ટામાં 12 મહિના સુધી પાણીની આવક જોવા મળી રહે છે. આ ગામને જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ આવરી લેવામાં આવ્યું હતું. પરંતુ આ યોજના છેલ્લાં ઘણાં વર્ષોથી ગ્રુપ ગ્રામ પંચાયત અને પાણી પુરવઠા વિભાગના પાપે પડી ભાંગતા ગામમાં પીવાના પાણીની તકલીફો વધી છે. પાંઢરપાડા ગામમાં પાણી પુરવઠા વિભાગની જળ સે નળ યોજના નિરર્થક નીવડી છે. ગ્રામજનોનું કહેવું છે કે, છેલ્લાં ઘણાં વર્ષોથી ગામમાંથી પાણીના નળ અને યોજના જ ગાયબ થઈ ગઈ છે. ગામમાં પાણીની યોજના તો અમલમાં આવી, પરંતુ તે માત્ર કાગળ પર જ સિદ્ધ થયેલી જોવા મળે છે. આ અંગે ગ્રુપ ગ્રામ પંચાયત અને તંત્ર દ્વારા કોઈપણ જાતનું ધ્યાન આપવામાં આવતું નથી. ગામમાં 3 જેટલી મોટી અને અન્ય નાની ટાંકીઓ બનાવેલી છે. જે માત્ર શોભાના ગાંઠિયા સમાન છે તથા 7 જેટલા કૂવા પણ બનાવવામાં આવ્યા છે. આ ગામમાં ખાનગી તથા સરકારી 15થી વધુ બોર પણ ઉતારી આપવામાં આવ્યા છે. જે બોરમાં 11 મહિના સુધી પાણી જોવા મળે છે. બાદમાં પાણીનું સ્તર નીચું જતાં ગ્રામજનોને નજીકની ધોધડ નદી પર નિર્ભર રહેવું પડે છે. જેથી ગામમાં પાણી પુરવઠા વિભાગ ધ્યાન આપે તેવી લોકમાંગ ઊઠી છે. આ ગામના નજીકમાં પાણી સંગ્રહ માટે સિંચાઈ અને દમણગંગા વિભાગની યોજનામાંથી નાના મોટા ચેકડેમો બનાવવામાં આવ્યા છે. જે ચેકડેમોમાં જૂન મહિના સુધી પાણીનો સંગ્રહ જોવા મળી રહે છે. આ ગામ નજીક બનાવેલા ચેકડેમ ગ્રામજનો માટે જીવાદોરીસમાન સાબિત થયા છે. આ ગામ નજીક ઉનાળામાં પણ ભરપૂર પાણીના સ્ત્રોત મળી રહે છે. આ ગામમાં લોકો સહિત ઢોરઢાંખરને પીવાનું પાણી મળી રહે છે. અહીં મોટા ભાગના લોકો ચોમાસાની ખેતી પર નિર્ભર જોવા મળે છે. જ્યારે હાલમાં એક બે વર્ષથી શિયાળા અને ઉનાળાની ઋતુમાં અમુક લોકો ધોધડ નદીના પાણી થકી સિઝનેબલ પાકોની ખેતી કરતા થયા છે. પાંઢરપાડા ગામમાં ચોમાસાની ઋતુ દરમિયાન ખેડૂતો દ્વારા શાવા, જુવાર, ચણા, વટાણા, ઘઉં, મકાઈ, વરી, નાગલી, મગ, અડદ, ડાંગર, જુવાર, કુળીદ, ખરસાણી, મગફળી, તુવેર વગેરે પાકોનું ઉત્પાદન કરવામાં આવે છે. જ્યારે અમુક ખેડૂતોઓએ પાણીની સુવિધાઓ માટે સ્વ-ખર્ચે ખેતરોમાં બોર અને કૂવા દ્વારા પાણીની સુવિધાઓને ઉપલબ્ધ કરી છે. જેઓ મકાઈ, મગફળી, ડુંગળી, લસણ, શણ, ઘઉંની ખેતી કરે છે. પશુપાલનની દૃષ્ટિએ ગામના નાના-મોટા ખેડૂતો ગાય, ભેંસ, બકરાં, ખેતી માટે બળદ અને પાડા જેવા પાળતુ પ્રાણીઓનો ઉછેર કરે છે. જેમાંથી સાઈડ આવક મેળવી પરિવારના ભરણપોષણમાં ભાગીદાર બને છે.





(અહેવાલ અને તસવીર-ગીરીશ ભોયે, સાપુતારા)